ઉકાળા ભલે પીવડાવો, ઉકરડાં પણ ઉપડાવો..!!!

વડાપ્રધાન દ્વારા પ્રેરિત સ્વચ્છતા અભિયાનને ચોમાસાની ઋતુએ ખોરંભે ચઢાવી દીધુ હોય તેવુ ફલિત થઈ રહ્યું છે. ખાસ કરીને ન્યુ ગાંધીનગરના કુડાસણ તથા સરગાસણ જેવા ગુડા વિસ્તારોમાં સ્વચ્છતા બાબતે તંત્રની ઉદાસીનતા ઉડીને આંખે વલગે તેવી છે. અતિશય વરસાદ પછી ફેલાયેલી ગંદકીમાં વણસાફ કરાયેલો કચરો રોગચાળાને ઉત્તેજન આપી શકે છે ત્યારે તંત્રને કહેવાનું મન થાય છે કે ''ભલે ઉકાળા પીવડાવો પરંતુ સાથે ઉકરડાં પણ ઉપડાવોને..!!!''

ઘ-૨ કડિયાનાકા ખાતે શ્રમિક અન્નપૂર્ણા ભોજન વિતરણ કેન્દ્રની મુલાકાત લેતા કેન્દ્રીય મંત્રી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ઘ-૨ કડિયાનાકા સ્થિત શ્રમિક અન્નપૂર્ણા ભોજન વિતરણ કેન્દ્રની આજ રોજ કેન્દ્ર સરકારના રોડ, ટ્રાન્સપોર્ટ, કેમિકલ અને ફર્ટીલાઇઝર રાજય મંત્રી મનસુખભાઇ માંડવીયાએ મુલાકાત લીધી હતી. કેન્દ્રીય રાજય મંત્રી મનસુખભાઇ માંડવીયાએ શ્રમિકોને પોતાના હસ્તે ટિફિન પણ ભરી આપ્યું હતું. તેમજ શ્રમિકોને રહેવા માટેના વોટરપ્રુફ ૧૦ ટેન્ટનું લોકાર્પણ અને ૧૦ સોલાર ફાનસનું વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય રાજય મંત્રી મનસુખભાઇ માંડવીયાએ જણાવ્યું હતું કે, આ સરકાર પંડિત દિનદયાળ ઉપાધ્યાયની અંત્યોદય વિચારધારા પર રાષ્ટ્રનું નિર્માણ કરવા માંગે છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશની શાસનધુરા સંભાળી, ત્યારે દેશના છેવાડાના માનવીને પ્રાથમિક જરૂરિયાત મળી રહે તે વાતને પ્રાધાન્ય આપ્યું છે. આ સરકાર વંચિતો, પીડિતો અને ગરીબોનો સર્વાંગી વિકાસ કરવાના સંકલ્પ સાથે કામ કરે છે.

આ શ્રમિક અન્નપૂર્ણા યોજના કેન્દ્રની મુલાકાત દરમ્યાન કેન્દ્રીય મંત્રીની સાથે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના અધ્યક્ષ ડૉ. અનિલ પટેલ, બોર્ડના સચિવ આર.કે.પરમાર પણ જોડાયા હતા.મોટી સંખ્યામાં શ્રમિકો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. ઘ-૨ કડિયાનાકા પર કાર્યરત શ્રમિક અન્નપૂર્ણા યોજનાની મુલાકાત બાદ મંત્રીશ્રીએ ગાંધીનગરની બાંધકામ સાઇડ પર કામ કરતાં બાંધકામ શ્રમિકોઓની હંગામી આવાસ યોજનાની પણ મુલાકાત લીધી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજય સરકાર દ્વારા બાંધકામ શ્રમિકોને રૂ. ૧૦માં સાત્વિક ભોજન આપવાની શ્રમિક અન્નપૂર્ણા યોજના હાલમાં રાજયના ૮૭ કડિયાનાકા પર કાર્યરત છે. જેનાથી રોજ તેઓને વહેલા ઉઠી ટીફીન બનાવવાની તકલીફમાંથી મુક્તિ મળી છે, તેમજ ઝડપથી કામની શોધમાં નીકળી શકે છે. તેમના જીવન સંઘર્ષમાં મોટી રાહત મળી છે.

સ્વ. રાજીવ ગાંધીને જન્મ જયંતિએ પુષ્પાંજલિ

આધુનિક ભારતના સ્વપ્નદ્રષ્ટા, ભારતરત્ન અને દિવંગત વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મજયંતી ૨૦ ઓગસ્ટ નિમિત્તે પુષ્પાંજલી અર્પવાનો કાર્યક્રમ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે સવારે ૯-૩૦ કલાકે યોજાયો હતો. જીલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, શહેર પ્રમુખ કૌશિક શાહ સહીત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નીશીત વ્યાસ, પ્રવક્તા હિમાંશુ પટેલ, શૈલેન્દ્રસિંહ બિહોલા, કીર્તિબેન પટેલ, જીતેન્દ્રસિંહ સોલંકી ઉપરાંત મોટી સંખ્યામાં ઉપસ્થિત ગાંધીનગર જિલ્લા-શહેર અને તાલુકા કોંગ્રેસના હોદ્દેદારો, નગરપાલિકા-તાલુકા-જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સદસ્યો, યુવક કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ, સેવાદળ તેમજ સેલ-ડિપાર્ટમેન્ટના હોદ્દેદારોએ રાજીવ ગાંધીને પુષ્પાંજલિ અર્પી તેમનું સ્મરણ કર્યું હતું. તેમજ આગામી વિધાનસભાની યોજાનાર સામાન્ય ચૂંટણીમાં ''નવ સર્જન ગુજરાત''ના ધ્યેયને પરિપૂર્ણ કરવા પક્ષ દ્વારા આપવામાં આવતા તમામ કાર્યક્રમોનું નિષ્ઠાપૂર્વક અમલીકરણ કરી કોંગ્રેસ પક્ષના ભવ્ય વિજય માટે ઉપસ્થિત કાર્યકરોએ સંકલ્પ લીધો હતો.

જિલ્લામાં ધ્વજવંદન સમારોહમાં જ ૯૧ હજાર સંકલ્પો લેવાયા

સંકલ્પ સે સિદ્ધિ અંતર્ગત આજથી ખાસ ગ્રામસભા અભિયાન : ધ્વજવંદનના દિવસે ૬૮૨૫ સંસ્થાકીય સંકલ્પ તો ૫૯૬૦ વ્યક્તીગત સંકલ્પ લેવાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ધ્વજવંદન સમારોહ દરમ્યાન ૯૬૦૨૬ સંકલ્પો લેવામાં આવ્યા છે. જેમાં ૬૮૨૫ સંસ્થાકીય સંકલ્પો અને ૫૯૬૦ વ્યક્તીગત સંકલ્પો લેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

સંકલ્પ સે સિદ્ધિ અંતર્ગત આજથી જિલ્લામાં વિશિષ્ટ ગ્રામસભા અભિયાન પણ શરૂ થઈ રહ્યું છે. જેમાં લોકો દ્વારા વિવિધ સંકલ્પો લેવામાં આવનાર છે.

ભારત છોડો ચળવળની ૭૫મી વર્ષગાંઠની ઉજવણીને યાદગાર બનાવવા માટે સંકલ્પ કરવા માટે લોકોને ઉત્સાહિત કરી અને નવા ભારતના નિર્માણમાં સહયોગી બને તે હેતુથી આ આખુ અભિયાન છેડવામાં આવ્યું છે.

જિલ્લામાં ૧૫મી ઓગષ્ટે યોજાયેલ ધ્વજવંદન સમારોહ ૭૯૭ સ્થાનો પર યોજાયા હતા. જિલ્લામાં ૪૨૮ સ્થાનો પર પ્રભાત ફેરીનું પણ આયોજન કરાયુ હતુ અને ૭૩,૩૫૪ લોકો આ ઉજવણીમાં સામેલ થયા હતા તેમ તંત્ર દ્વારા તૈયાર કરાયેલ અહેવાલમાં જણાવાયુ છે.

જિલ્લામાં સંસ્થાકીય સંકલ્પો મોટી સંખ્યામાં લેવાયા હતા. જેમાં સ્વચ્છતા અભિયાનના સંપૂર્ણ અમલ માટેના હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. જિલ્લામાં આજથી શરૂ થઈ રહેલ આ અંગેના વિશિષ્ટ ગ્રામસભા અભિયાનને લઈ તૈયારીઓ સંપન્ન થઈ ચુકી છે.

ગાંધીનગર મિલિટરી સ્ટેશનમાં રોમાંચક ડ્યૂઅથલોન યોજાઇ

ગાંધીનગર, તા.૨૦

ભારતીય સેનાની ગોલ્ડન કટાર ડિવિઝને તેનાં વિવિધ યુનિટનાં અધિકારીઓ માટે ગાંધીનગરમાં ડ્યૂઅથલોનનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમને લીલી ઝંડી ગાંધીનગર મિલિટ્રી સ્ટેશનનાં સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડનાં કમાન્ડિંગ-ઇન-ચીફ એર ઓફિસર એર માર્શલ આર કે ધીર એ કર્યું હતું.

આ કાર્યક્રમમાં વિવિધ વયજૂથ અને સેવામાં સીનિયોરિટી ધરાવતાં અંદાજે ૬૦ જેટલા અધિકારીઓ ઉત્સાહ અને જુસ્સા સાથે જોડાયા હતાં. ડ્યૂઅથલોનમાં ૨૫ કિમીનું સાઇકલિંગ, ૧૦ કિમીનું રનિંગ અને અંગત શસ્ત્રો સાથે ફાયરિંગ સામેલ હતી. અધિકારીઓમાં ફિટનેસ જાળવવા ટ્રાયથ્લોનનું પણ ૨૨ ઓગસ્ટનાં રોજ આયોજન કરવામાં આવશે, જેમાં ૭૫૦ મીટરની સ્વિમિંગ, ૨૦ કિમીનું સાઇકલિંગ અને ૧૦ કિમીનું રનિંગ તથા અંગત શસ્ત્રો સાથે ફાયરિંગ સામેલ હશે. ડિવિઝને ભવિષ્યમાં આ પ્રકારનાં વધુ કાર્યક્રમોનું આયોજન કરવાની યોજના બનાવી છે.

આ કાર્યક્રમનો ઉદ્દેશ રનિંગ, સાયકલિંગ અને સ્વિમિંગ જેવી એક્ટિવિટીને શોખ તરીકે વિકસાવીને તેની સ્વીકાર્યતાને પ્રોત્સાહન આપવાનો છે, જે સૈનિકની નિયમિત તાલીમ અને તેનાં ફિટનેસ કાર્યક્રમ ઉપરાંત છે.

ધરમપુર ગામ પાસે નદીમાંથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો

સાબરમતી નદીમાં તણાઇ આવેલા મૃતદેહને ફાયરબ્રિગેડે બહાર નિકાળ્યો : પાણીમાં ઘણા દિવસોથી મૃતદેહ પડ્યો હોવાની આશંકા

ગાંધીનગર, તા.૨૦

ચિલોડા નજીક આવેલા ધરમપુર ભુંડીયા ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં એક અજાણ્યા યુવાનનો મૃતદેહ તણાઈને આવ્યો હોવાનો કોલ ગાંધીનગર ફાયરબ્રિગેડને મળતા ટીમ ધરમપુર ગામમાં પહોંચી ગઈ હતી. નદીમાંથી ફાયરબ્રિગેડની ટીમે વિકૃત હાલતમાં તણાઈ આવેલો અજાણ્યા યુવાનનો મૃતદેહ બહાર નિકાળી પોલીસને સોંપ્યો હતો. મૃતદેહ જોતા ઘણા દિવસોથી નદીના પાણીમાં પડ્યો હોવાની આશંકા પોલીસે વ્યક્ત કરી છે. મૃતકની શોધખોળ માટે પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

બપોરનાં સુમારે ચિલોડા નજીકનાં ધરમપુર ભુંડીયા ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં અજાણ્યા યુવાનનો મૃતદેહ તણાઈને આવ્યો હોવાનો કોલ ગાંધીનગર ફાયરબ્રિગેડને મળ્યો હતો. ગામનાં જ કોઈ વ્યક્તિએ કરેલા આ કોલને પગલે ફાયર ઓફીસર મહેશ મોડની ટીમનાં ડે.ફાયર ઓફીસર ચિનુભાઈ પટેલ તેમના કાફલા સાથે ધરમપુર ભુંડીયા ખાતે પહોંચી ગયા હતા. નદીમાં તણાઈને આવેલા યુવાનનાં મૃતદેહને બહાર નિકાળી ફાયર બ્રિગેડની ટીમે પોલીસને મૃતદેહ સોંપી દીધો હતો. પોલીસે મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી યુવાનની ઓળખ અને મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

પર્યુષણ પર્વ

પ.પૂ. ગણિવર્ય યશકલ્યાણવિજયશ્રી મ.સાહેબ તથા પ.પૂ. મુનિરાજ તીર્થ પ્રેમ વિજયશ્રી મ.સાહેબની અમૃતવાણી

ચોથો દિવસ

જે આત્મ કલ્પસુત્ર સાંભળે, તેના મોક્ષોના ધ્વાર ખુલી જાય છે

દરેક ધર્મ પોતાની રીતે વ્યક્તિના આત્માના કલ્યાણનો માર્ગ બતાવે છે. જૈન ધર્મ પણ બતાવે છે. જૈન ધર્મ પૃથ્વી, પાણી, અગ્નિ, વાય, વનસ્પતિના જીવોને પણ રક્ષા, દયા કરવાનું શિખવે છે. આનંદની વાત તો એ છે કે પરમાત્મા મહાવીરે આ સૃષ્ટિના તમામ જીવોની રક્ષા દયા કરીને પણ કેવી રીતે જીંદગી જીવી શકાય એની થીયેરીકલ અને પ્રેક્ટિકલ જ્ઞાન પણ આપ્યું છે.

જો કે ભગવાને માત્ર ઉચ્ચત્તમ ભુમિકાના જીવને માટે જ ધર્મમાં બોધ નથી આપ્યો પણ દરેક ભુમિકાના જીવને અનુલક્ષીને બોધ આપ્યો છે. ભગવાને સાધના કેવી રીતે થાય એ તો શીખવ્યું પણ પૈસો કેવી રીતે કમાવાય ? ઘરમાં શાંતિ કેવી રીતે ટકે ? પુત્ર-પુત્રી વશમાં કેવી રીતે રહે ? રાજકારણ કે અર્થશાસ્ત્ર પણ કેવી રીતે ટકાવાય ? એ બધુ જ શીખવ્યું કારણ કે ભગવાન પણ સમજતા હતા કે મોટા ભાગના જીવો આ બધુ છોડી શકવાના નથી જ તો પછી આ બધુ કરતાં કરતાં પણ ધર્મ કેવી રીતે થઈ જાય ? અથવા તો આ સંસારની જીંદગીમાં પણ અલ્પ હિંસા કેવી રીતે થઈ શકે ? એનુ સરસ માળખું ભગવાને બતાવ્યું આ રીતે જીવન જીવનારને પૈસાની ખોટ ન પડે એમ નહી પણ સંતોષ પ્રગટવાના કારણે મળેલા પૈસામાંથી કેવી રીતે નિર્વાહ કરવો તે આવડી જાય.

આમ દરેક બાબતે સમજી શકાય પરમ પવિત્ર જૈન ધર્મગ્રંથ કલ્પસુત્ર એ વર્તમાનની ત્રસ્ત અને વ્યસ્ત પ્રજા માટે અમુલ્ય ગ્રંથ છે. જૈન પરંપરાના નિયમનુસાર સંસારી જીવોને આ ગ્રંથ વાંચવાનો અધિકાર નથી પણ શ્રવણ કરી શકે છે.

આ કલ્પસુત્રના સમ્યક શ્રવણ અને માનનીય ચીંતન દ્વારા વ્યક્તિ ઘણી બધી વ્યવહારિક મુશ્કેલીઓનો ઉપાય જાણી શકે છે. આમ, બ્રાહ્મ રીતે કલ્પ સુત્રના પ્રારંભમાં જૈન સાધુના દસકલ્પ અંગેની ભુમિકા છે. ત્યારબાદ ભગવાન મહાવીર સ્વામીનું ચારિત્ર વિસ્તૃત રૂપે વર્ણાવાયું છે. ત્યારબાદ અન્ય ત્રેવીસ ભગવાન કેટલા સમય પૂર્વે થયા તેની વિગત અને ત્રણ ભગવાનના સંક્ષેપ ચારિત્ર છે. છેલ્લે ભગવાન મહાવિર સ્વામીના અનુયાયી મુખ્ય જૈનાચાર્યના જીવનની પણ કેટલીક વાતો અને છેલ્લે જૈન સાધુની જીવન ચર્ચા અંગેનું પ્રવચન આપે છે.

સે-૫ ખાતે સાર્વજનિક ગણેશ મહોત્સવ ઉજવાશે

સે-૫/બી જય ગોગા યુવક મંડળ દ્વારા આયોજન કરાયું

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં ગણેશ મહોત્સવની ઠેરઠેર તૈયારીઓ શરુ થઈ ગઈ છે. ત્યારે સેકટર-૫બી ના જય ગોગા યુવક મંડળ દ્વારા સતત ત્રીજા વર્ષે પાંચ દિવસીય ગણેશ મહોત્સવ ઉજવણીનું આયોજન કરાયું છે. ૨૫ થી ૨૯ ઓગસ્ટ દરમિયાન વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

સેકટર-૫ બી આયોજીત ગણેશ મહોત્સવમાં તા. ૨૫ ના રોજ સવારે ૯ કલાકે શોંપીગ સેન્ટરથી ગણપતિદાદાનો વરઘોડો નીકળશે. જયારે ૧૨.૩૫ કલાકે ગણેશ સ્થાપના, રાત્રે ૮.૩૦ કલાકે વિક્રમ માલધારી દ્વારા ડાયરો, તા. ૨૬ ને શનિવારના રોજ બપોરે ૧ કલાકે આનંદનો ગરબો ભાવના બેન ગોકલાણીના કંઠે ગવાશે, તેમજ રાત્રે ૮.૩૦ કલાકે ભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે. તા. ૨૭ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે સત્યાનારાયણ કથા યોજાશે જેમાં કથાકાર તરીકે શાસ્ત્રી કલ્પેશભાઈ મહેતા હાજર રહેશે. જયારે રાત્રે ૮ કલાકે સોનલબેન પ્રજાપતિ રાસગરબાની જમાવટ કરશે. તા. ૨૮ ને સોમવારના રોજ બપોરે ૧ કલાકે આનંદનો ગરબો ભાવના બેન પટેલ રાયસણવાળાના સુરીલાકંઠે ગવાશે તેમજ રાત્રે ૮ કલાકે નાટક તમારી દુનિયા ભજવાશે. જયારે દરરોજ આરતી સવારે અને સાંજે ૭ કલાકે યોજાશે. તેમજ તા. ૨૯ મંગળવારના રોજ બપોરે ૧ કલાકે ગણપતિ દાદાની વિસર્જન યાત્રા (વરઘોડો) નીકળશે. આ યાત્રામાં ૫૫ નાસિક ઢોલના સથવારે અને ૧૧૧૧ મોદક પ્રસાદનું વિતરણ કરવામાં આવશે. ગણેશ મહોત્સવમાં શહેરની સૌ ધર્મપ્રેમી જનતાને દર્શનનો તેમજ સાંસ્કૃતિ તેમજ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા જય ગોગા યુવક મંડળ દ્વારા અનુરોધ કરાયો છે.

'દેશ દેખ રહા હૈ': ઘર માટે સરકારી ગાડી નહીં વાપરો, ફાઈવસ્ટાર કલ્ચર છોડો, મોદીની શિખ

'આપણને દેશ અને દુનિયા જોઈ રહી છે. આપણે સરકારી સરકીટ હાઉસ છોડીને ખાનગી ફાઈવસ્ટાર હોટલો નહીં વાપરવી જોઈએ. તમારા તાબા હેઠળના બોર્ડ અને કોર્પોરેશનની ગાડીઓ તમારા પરિવાર માટે નહીં વાપરો.' આ શબ્દો ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના છે અને તેમણે તેમના કેબિનેટના સાથી સભ્યોને કહ્યા છે. અચ્છા હૈ, નેતા તો

ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો, નહીં તો- ૪૩ના ૩૪ થઇ શકે છે

સાદગી મેં હી અચ્છા લગતા હૈ...દિલ્હીમાં મોદીના ક્લાસ શરૂ થયા છે. પહેલાં સંસદસભ્યો પછી કેબિનેટના સભ્યોનો વારો આવ્યો હતો અને હવે ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓનો ક્લાસ શરૂ થઈ રહ્યો છે. આપણું બિહેવિયર કેવું હોવું જોઈએ તેની શિખામણ મોદી જાતે જ આપે છે. મોદી જ્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે ૨૦૦૧માં પહેલી કેબિનેટમાં તેમણે કેબિનેટના સાથી સભ્યોને કેટલીક શિખામણ આપી હતી જેનું ૧૨ વર્ષ સુધી પાલન થતું રહ્યું હતું. મોદીએ મિડીયાને કહ્યું હતું કે મારી પાસે ન્યૂઝ માટે નહીં આવતા, એ તો તમને મારી કામગીરીથી મળી જશે. આ ને કહેવાય- મોદી જો બોલતા હૈ વો કરતા હૈ...

રાહુલજી, બહુત દેર હો ગઇ હૈ, કુછ કરો...

ગુજરાતમાં કોંગ્રેસને ચૂંટણી જીતવી હોય તો તેનું પ્લાનિંગ બે વર્ષ પહેલાં શરૂ કરી દેવું જોઈએ, કેમ કે નરેન્દ્ર મોદીની જ્યારથી ભાજપમાં એન્ટ્રી થઈ છે ત્યારથી તેઓ ચૂંટણીનું એડવાન્સ પ્લાનિંગ કરે છે. ૨૦૦૭ અને ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીનું પ્લાનિંગ તેમણે ૨૦૦૬ અને ૨૦૧૧માં કરી દીધું હતું. કોંગ્રેસ પાસે ઉમેદવારો પસંદ કરવાનો પુરતો સમય બચ્યો નથી. ૧૮૨ ઉમેદવારો માટે ૧૦૦ દિવસ છે ત્યારે કાર્યકર્તાઓ બિચારા લિડરલેસ છે. કોંગ્રેસ માટે હવે પ્રત્યેક દિવસના ૨૪ કલાક મહત્વના છે. ૨૦૧૭ની ચૂંટણી જીતવી હોય તો કોંગ્રેસે ઉમેદવાર પસંદગી થી લઈને ચૂંટણી જીતવાનું માઈક્રો પ્લાનિંગ કરવું પડશે. જો આમ ને આમ જ દિવસ પસાર થશે તો કોંગ્રેસને ૪૩ માંથી ૩૪ થતાં વાર નહીં લાગે...

એડવાન્ટેજ આનંદીબહેન અને શંકરસિંહ...

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે મધ્યપ્રદેશમાં એવું કહ્યું છે કે પાર્ટીએ ચૂંટણી લડવા માટે ૭૫ વર્ષની વય મર્યાદા રાખી નથી અને એવું કોઈ ધોરણ નથી. તેમના આ નિવેદનના કેટલા અર્થ થાય છે તે આવનારો સમય બતાવશે પરંતુ જો તેમ ન હોય તો તેનો એડવાન્ટેજ ગુજરાતમાં આનંદીબહેન પટેલ, શંકરસિંહ વાઘેલા અને હરિન પાઠક જેવા નેતાઓને મળી શકે છે. મધ્યપ્રદેશમાં ૭૫ વર્ષ વટાવી ચૂકેલા બે મિનિસ્ટરને કેમ કાઢી મૂક્યા ત્યારે અમિત શાહે એવો જવાબ આપ્યો હતો કે કેબિનેટમાં કોને રાખવા અને કોને દૂર કરવા તે મુખ્યમંત્રીનો અધિકાર છે. વાહ, આ નું નામ અસલી રાજકારણ.. પાર્ટીની ગાઈડલાઈન અને સિદ્ધાંતો સમય સમય પ્રમાણે બદલાય છે. હવે આનંદીબહેન પટેલ પણ દાવો કરી શકશે કે મારે વિધાનસભાની ચૂંટણી લડવી છે.

મેનિફેસ્ટો વાંચવાનો સમય કાઢવો પડશે...

ભાજપે ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી સમયે જે મેનિફેસ્ટો બનાવ્યો હતો તે પૈકી ૧૫ એવાં વચનો છે કે જેને સરકાર પૂર્ણ કરી શકી નથી. એક ઝલક જોઈએ તો- સ્કૂલોમાં ચીની અને જાપાની ભાષા શિખવાતી નથી. કૃષિ ઉત્પાદન મૂલ્યમાં વધારો નથી. પ્રત્યેક જિલ્લામાં કોલ્ડસ્ટોરેજ નથી. ગામડામાં ૨૨ લાખ અને શહેરોમાં ૨૮ લાખ મકાનો બન્યા નથી. ૩૦ લાખને નોકરી મળી નથી. ખાદ્યચીજોમાં ભેળસેળ બેફામ છે. અન્ય શહેરોમાં રિવરફ્રન્ટ નથી. ટ્વિન શહેરો કાગળ પર છે. સંત નગરી બની નથી. દાંડી યાત્રા રૂટ અધુરો છે. મહારાષ્ટ્રને જોડતી નૌકા સેવા શરૂ થઈ નથી. ગુજરાત વાઈફાઈ ઝોન બન્યું નથી. સરકાર પાસે પાંચ મહિનાનો સમય છે અને આ કામગીરી અધરી જણાય છે. કેટલાક વચનો પૂર્ણ થયા છે પરંતુ માત્ર તે સરકારની શોભા વધારે છે, જેમ કે ગુજરાતને પ્લાસ્ટિક ફ્રી, સ્મોકિંગ ફ્રી બનાવવાની વાતો માત્ર જાહેરાત સાબિત થઈ છે. યે પબ્લિક હૈ સબ જાનતી હૈ....

૨૦૧૨ના મેનિફેસ્ટો પર નજર કરો- આ રહ્યાં ૧૫ વચનો કે જે હજી પૂર્ણ થયા નથી

કમિંગ સૂન- ખેલો ઇન્ડિયા, તૈયાર થઇ જાવ...

ખેલો ઈન્ડિયાની જાહેરાત તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી દીધી છે પરંતુ તેનું સંચાલન કોણ કરશે તે એક મોટો સવાલ હતો પરંતુ હવે આ પોસ્ટ સેટ કરી દેવામાં આવી છે. મોદી સરકારે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતમાં ડાયરેક્ટર જનરલની ફરજ બજાવતા સંદીપ પ્રધાનની કેન્દ્રમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયામાં જોઈન્ટ સેક્રેટરી તરીકે નિયુક્તિ કરી છે. તેઓ આ પોસ્ટ પર સાત વર્ષ સુધી ફરજ બજાવશે. વડોદરાના વતની એવા સંદીપ પ્રધાન ઈન્ડિયન રેવન્યુ સર્વિસ- ઈન્કમટેક્સના ૧૯૯૦ બેચના અધિકારી છે. ચાર વર્ષ પહેલાં તેઓ મુંબઈ ઈન્કમટેક્સ કમિશનર તરીકે ફરજ બજાવતા હતા. ગુજરાતમાં ખેલ મહાકુંભ ૨૦૧૦થી યોજાય છે અને હવે ખેલો ઈન્ડિયા નામની આવૃત્તિ શરૂ થઈ રહી છે. આ ઓફિસર કેન્દ્રમાં આ જગ્યા માટે બિલકુલ ફીટ માનવામાં આવે છે.

અપર્ણા પાંચ ભાષાઓ જાણે છે, ફ્રેન્ચ પણ...

વર્લ્ડ બેન્કના નવા એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર એસ. અપર્ણા એ ૧૯૮૮ બેચના ગુજરાત કેડરના આઈએએસ ઓફિસર છે. સ્વભાવે મૃદુ છતાં ખોટું કરવામાં ગુસ્સે થતાં અપર્ણા ટૂંકસમયમાં વોશિંગ્ટન ડીસી જઈ રહ્યાં છે. તેમનો સમયગાળો ત્રણ વર્ષનો છે. તેમણે ઝૂઓલોજીમાં એમએસસી અને એમફિલ કર્યું છે. એ ઉપરાંત તેમણે સ્વિનબર્ન યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી વિક્ટોરિયા, ઓસ્ટ્રેલિયાથી એમબીએની ઉપાધિ મેળવી છે. ફ્રેન્ચ લેન્ગવેઝમાં તેમણે ડિપ્લોમા કર્યો છે. તામિલનાડુના

મધ્યપ્રદેશમાં અમિત શાહ બોલ્યા- ચૂંટણી લડવા ૭૫ની વયમર્યાદા નડતી નથી

વતની એવા અપર્ણા પાંચ ભાષા- હિન્દી, તામિલ, ઈંગ્લિશ, ગુજરાતી અને ફ્રેન્ચ જાણે છે. આઈએએસની નોકરી પસંદ કર્યા પછી તેમને નાગાલેન્ડ કેડર આપવામાં આવી હતી પરંતુ પછી તેમને ગુજરાત કેડરમાં બદલવામાં આવ્યા હતા. ૧૯૯૫માં તેઓ વલસાડના જિલ્લા કલેક્ટર તરીકે રહી ચૂક્યાં છે. હાલ તેઓ મુખ્યમંત્રી વિજય રૂપાણીની સીએમ ઓફિસરમાં પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે.

ગુજરાતનું આઉટ સોંસિંગ દિલ્હી પહોંચ્યું છે...

નિતી આયોગનું માનવું છે કે હાલની સિવિલ સર્વિસ સેવાઓ ખૂબ ધીમી છે. ત્વરિત નિર્ણયો લઈ શકતી નથી તેથી તેમને સશક્ત બનાવવાની આવશ્યકતા છે. નિતી આયોગ માને છે કે સરકારી સેવાઓમાં ટોપ ટેલેન્ટની ખૂબ જરૂર છે કે જેથી યોજનાઓ તેમજ ફાઈલના કામોમાં ઝડપ આવી શકે. સરકારને એવી સલાહ આપી છે કે સરકારી સેવાઓનું આઉટ સોર્સ થવું જોઈએ. પ્રાઈવેટ સેક્ટરમાંથી વિશેષજ્ઞોની કેન્દ્ર અને રાજ્ય સરકારને ખૂબ જરૂર છે. ગુજરાત સરકારે તો આઉટ સોંસિંગ શરૂ કરી દીધું છે પરંતુ હવે કેન્દ્ર સરકારની નોકરીઓમાં આઉટ સોંસિંગ કરવા તેમજ પ્રાઈવેટ સેક્ટરમાંથી તજજ્ઞોની ભરતી કરવાના આ સૂચનનો અમલ શરૂ કરવાની વિચારણા ચાલી રહી છે.

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત